
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૪ | ૨૪ જુલાઈ, ૨૦૧૯, બુધવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અંતે, કર્ણાટકમાં કુમારસ્વામી સરકાર ગબડી

**ગૃહમાં વિશ્વાસમત પ્રસ્તાવ પર વોટિંગમાં સત્તાપક્ષને ૯૯ મત : ભાજપની તરફેણમાં ૧૦૫ મત પડ્યા : મતદાન વેળા ગૃહમાં ૨૦૪ ધારાસભ્ય હાજર હતા : કુમારસ્વામીનું રાજીનામુ : સભ્યોની કરાયેલ ગણતરી ફિઝિકલી**



બેંગ્લોર,તા.૨૩

કર્ણાટકમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલતા રાજકીય નાટકનો આજે અંત આવી ગયો હતો. કર્ણાટકમાં ૧૪ મહિના જુની એચડી કુમારસ્વામી સરકાર વિશ્વાસમતમાં પડી ગઈ હતી. આનીસાથે જ હાલમાં ચાલી રહેલી ચર્ચાઓનો પણ અંત આવી ગયો છે. રાજકીય ઉથલપાથલનો દોર અસંતુષ્ટોના રાજીનામા સાથે શરૂ થયો હતો ત્યારબાદથી વિધાનસભામાં વિશ્વાસમતને લઈને પણ ભારે વિલંબની સ્થિતિ રહી હતી. આજે મંગળવારે સાંજે વિધાનસભામાં વિશ્વાસમત પ્રસ્તાવ પર મતદાન થયા બાદ સત્તા પક્ષને માત્ર ૯૯ મત મળ્યા હતા જ્યારે ભાજપની તરફેણમાં ૧૦૫ મત પડ્યા હતા તે વખતે ગૃહમાં કુલ ૨૦૪ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ અને જેડીએસની છાવણીમાં સોપો પડી ગયો હતો. કર્ણાટકમાં જાદુઈ આંકડાને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. જાદુઈ આંકડો કર્ણાટકમાં ૧૦૩નો રહ્યો છે. ભાજપને ૧૦૫નો ટેકો છે. ગઠબંધનને આજે ૯૯નો ટેકો મળ્યો હતો. વિશ્વાસમત પ્રસ્તાવ પર વોટિંગ દરમિયાન સત્તા પક્ષને માત્ર ૯૯ મત જ મળ્યા હતા. આ પહેલા સ્પીકર રમેશકુમારે ધારાસભ્યોને ઉભા કરીને સત્તાપક્ષ અને વિપક્ષના સભ્યોની ગણતરી કરી હતી. સ્પીકરે વિધાનસભામાં દરેક લાઈનને અલગ અલગ ઉભા થઈને અધિકારીઓ પાસેથી ધારાસભ્યોની ગણતરી કરાવી હતી. અધિકારીઓએ પહેલા સત્તાપક્ષના સભ્યોની ગણતરી કરી હતી ત્યારબાદ વિપક્ષના ધારાસભ્યોની ગણતરી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## યેદીયુરપ્પા ગુરુવાર સુધીમાં મુખ્યપ્રધાન તરીકે શપથ લેશે

બેંગ્લોર, તા. ૨૩

કર્ણાટકમાં ૧૪ મહિના જુની સરકાર ગબડી પડ્યા બાદ ભાજપને સરકાર બનાવવાની તક મળી ગઈ છે. વિશ્વાસમતમાં જીત મળ્યા બાદ ભાજપના ધારાસભ્ય અને પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પાએ વિક્ટ્રી સાઈન દર્શાવીને ખુશી દર્શાવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ એચડી કુમારસ્વામી રાજભવન જઈને રાજીનામુ સોંપી રહ્યા છે. બીજી બાજુ તેમના રાજીનામા બાદ ભાજપના વરિષ્ઠ નેતા યેદીયુરપ્પા સરકાર રચવાની કવાયતમાં લાગી ગયા છે. મળેલી માહિતી મુજબ યેદીયુરપ્પા આવતીકાલે બુધવારના દિવસે રાજ્યપાલ વજુભાઈ વાળાને મળશે અને સરકાર બનાવવા દાવો કરશે. ગુરુવારના દિવસે નવા મુખ્યમંત્રી તરીકે શપથ લે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. જો કે, આ સંબંધમાં હજુ સુધી કોઈ નક્કર માહિતી મળી શકી નથી.

# કાશ્મીર મુદ્દે મહાસત્તાનું મહાજુઠ

વોશિંગ્ટન,તા. ૨૩

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કાશ્મીરના મુદ્દા ઉપર મધ્યસ્થી કરવાના નિવેદન બાદ ડેમેજ કન્ટ્રોલ કવાયતમાં લાગી ગયા હતા. ભારત દ્વારા ટ્રમ્પના નિવેદન પછી જોરદાર નારાજગી વ્યક્ત કરવામાં આવ્યા બાદ મામલો ભારત અને પાકિસ્તાનનો દ્વિપક્ષીય મુદ્દો હોવાની કબૂલાત કરી હતી. અમેરિકી વિદેશ વિભાગે નિવેદન જારી કરીને કહ્યું શોધી કાઢે તેવા પ્રયાસોનું સ્વાગત કરશે. આની સાથે સાથે ભારતની તરફેણમાં સમર્થન કરતા કહ્યું છે કે, પાકિસ્તાનની સાથે ભારતની

**પાકિસ્તાની પ્રમુખ ઇમરાન ખાન સાથે મંત્રણા દરમિયાન કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવા મોદીએ કહ્યું હોવાની વાત કરી ટ્રમ્પે ભુલ કરી : અંતે નિવેદનને બદલ્યું : કાશ્મીર મુદ્દે ટ્રમ્પના મોટા ગોટાળા બાદ અમેરિકાની પ્રતિષ્ઠાને ફટકો : ટ્રમ્પ વહીવટીતંત્ર અને બુદ્ધિજીવીઓ ડેમેજ કન્ટ્રોલની કવાયતમાં**

અમેરિકાની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓ અને અમેરિકન વિદેશ નીતિના બુદ્ધિજીવીઓ અમેરિકાએ ગુલાંટ મારી હતી. ટ્રમ્પના કાશ્મીર મધ્યસ્થતાના નિવેદનથી પીછેહઠ કરીને અમેરિકાએ આખરે કાશ્મીરનો હતું કે, કાશ્મીરનો મામલો ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે. અમેરિકા બંને દેશો બેસીને કાશ્મીર વિવાદનો ઉકેલ સાર્થક ચર્ચા માટે આ બાબત પણ જરૂરી છે કે, આતંકવાદની સામે અમેરિકા કઠોર પગલા ઉઠાવે.

● અનુસંધાન પાન-૭ પર



## ભારતની સ્પષ્ટ વાત : મધ્યસ્થીની વાત મોદીએ ક્યારે કરી નથી

**ટ્રમ્પના નિવેદન બાદ વિદેશમંત્રી જયશંકરનું આક્રમક નિવેદન : ટ્રમ્પના દાવાને સ્પષ્ટપણે ફગાવાયો**

નવી દિલ્હી,તા. ૨૩

જમ્મુ કાશ્મીરના મામલે મધ્યસ્થતા સંબંધિત અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ સંસદના બંને ગૃહોમાં પણ આજે ભારે હોબાળો થયો હતો. રાજ્યસભામાં વિદેશમંત્રી એસ જયશંકરે નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી હતી કે અમેરિકી પ્રમુખના દાવામાં કોઈ વાસ્તવિકતા નથી. વિદેશ મંત્રીએ સાફ શબ્દોમાં કહ્યુ હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી આ પ્રકારના કોઈપણ નિવેદન અથવા તો આવી કોઈપણ અપીલ ક્યારે પણ કરવામાં આવી નથી. વિદેશમંત્રીએ કહ્યું હતું કે, શિમલા સમજૂતિ અને લાહોર સમજૂતિના આધાર પર જ સમગ્ર મામલો આગળ વધશે. કાશ્મીર એક દ્વિપક્ષીય મુદ્દો છે. બંને દેશો સાથે મળીને આનો ઉકેલ લાવશે. વિપક્ષી સાંસદોના હોબાળા વચ્ચે વિદેશ પ્રધાને ધૈર્યપૂર્વક પોતાનુ નિવેદન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનની સાથે વાતચીત વેળા અમેરિકી પ્રમુખે કાશ્મીર મુદ્દે પર મધ્યસ્થીનો દાવો કર્યો હતો. જો કે તેઓ સ્પષ્ટતા

## કાશ્મીરમાં છેલ્લા દાયકામાં ત્રાસવાદી ઘટનાઓમાં ૯૦ ટકા સુધી ઘટાડો

**૧૦ વર્ષમાં ૩૧૮૭ આતંકવાદી હુમલા કરવામાં આવ્યા છે : છેલ્લા દશકની સરખામણીમાં હુમલામાં કુલ ૮૬ ટકાનો ઘટાડો થયો હોવાનો દાવો કરવામાં આવ્યો : ત્રાસવાદીઓ સામે સુરક્ષા દળોની નિર્ણાયક કાર્યવાહી**

નવીદિલ્હી, તા.૨૩

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં ત્રાસવાદી ઘટનાઓમાં આશરે ૯૦ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો થઈ ચુક્યો છે. સરકારે લોકસભામાં આપવામાં આવેલા નિવેદનમાં કહ્યું છે કે, પહેલી એપ્રિલ ૨૦૦૯થી લઈને ૩૦મી જુન ૨૦૧૯ સુધીના ગાળામાં રાજ્યમાં ૩૧૮૭ જેટલા ત્રાસવાદી હુમલાઓ થઈ ચુક્યા છે જે છેલ્લા દશકની સરખામણીમાં ૮૬ ટકા ઓછા છે. આ દશકમાં જમ્મુ કાશ્મીરમાં ૨૩૨૯૦ ત્રાસવાદી હુમલા કરવામાં આવ્યા હતા. લોકસભામાં કોંગ્રેસના સાંસદ મનિષ તિવારીના પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિસન રેડ્ડીએ આજે આ મુજબની માહિતી આપી હતી. કિસન રેડ્ડીએ કહ્યું હતું કે, ત્રાસવાદી હુમલાઓમાં ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૧૮ની સરખામણીમાં આ ત્રિમાસિક ગાળામાં આતંકવાદી હુમલાઓ ઘટી ગયા છે. ગૃહરાજ્યમંત્રીએ કહ્યું હતું કે, અશાંત ગણાતા પ્રદેશમાં છેલ્લા દશકમાં આતંકવાદી હુમલામાં ૭૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. છેલ્લા દશકમાં આ આંકડો ૭૧ હતો જ્યારે આ વખતે ૨૧ રહ્યો છે. પ્રદેશમાં સુરક્ષા દળો આતંકવાદીઓ સામે જંગ મજબૂતી સાથે લડી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં સંરક્ષણ મંત્રાલયના વાર્ષિક અહેવાલમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, પુલવામા હુમલાથી સાબિત થાય છે કે, ભારત સતત પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓના નિશાના ઉપર છે. આવી સ્થિતિમાં ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા ભારત ખચકાશે નહીં. સંરક્ષણ મંત્રાલયના વાર્ષિક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાની સેના જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પાર ગોળીબાર કરીને આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં ઘુસણખોરીને રોકવા અને આતંકવાદનો ખાત્મો કરવા ભારત સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, જૈશે મોહમ્મદ દ્વારા પુલવામા

● અનુસંધાન પાન-૭ પર

# બજારમાં સતત મંદીથી કારોબારીઓ નિરાશ

મુંબઈ, તા.૨૩

શેરબજારમાં આજે સતત ચોથા કારોબારી સેશનમાં મંદીનું મોજુ રહ્યું હતું. કોર્પોરેટ કમાણીના નબળા આંકડા, આર્થિક મંદી, અન્ય વૈશ્વિક પરિબળોની વચ્ચે મૂડીરોકાણકારો રોકાણ કરવાના મૂડમાં દેખાઈ રહ્યા નથી. એચડીએફસી, એસબીઆઈ, આરઆઈએલ, એચસીએલ ટેક



**સેંસેક્સ ૪૮ પોઇન્ટ ઘટીને ૩૮૦૦૦થી નીચે : પસંદગીના બ્લુચીપ શેરોમાં તીવ્રવેચવાલી બજેટમાં સુપર રિચ ઉપર ટેક્સ લાગૂ કરવામાં આવતા હજુય તેની અસર**

સહિતના શેરમાં વેચવાલી રહી હતી. આ તમામમાં એક ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈના શેરમાં બે ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. આ તમામ શેરમાં ઘટાડો થતાં સેંસેક્સ ઘટાડા સાથે બંધ રહ્યો હતો. કારોબારના છેલ્લા કલાકમાં તીવ્ર વેચવાલી રહી હતી. બેંચમાર્ક સેંસેક્સ ૪૮ પોઇન્ટ ઘટીને ૩૭૯૮૩ની નીચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૩૮૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. એસબીઆઈના શેરમાં સૌથી વધુ કડાકો બોલી ગયો હતો. પાવરગ્રીડ કોર્પોરેશન, આઈટીસી, હિરોમોટોના શેરમાં તેજી જોવા મળી હતી. બ્રોડર નિફ્ટી ૧૫ પોઇન્ટ ઘટીને ૧૧૩૩૧ની નીચી સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમાં ૭૯ પોઇન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૩૯૧૫ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૪૯ પોઈન્ટનો સુધારો થતાં તેની સપાટી ૧૩૨૦૬ રહી હતી. મૂડીરોકાણકારો હાલમાં એશિયન બજારમાં જોવા મળી રહેલા પરિબળો ઉપર ધ્યાન આપી રહ્યા છે. કારોબાર નકારાત્મક માહોલમાં રહેવા માટે એક કારણ વિદેશી મૂડીરોકાણકારો દ્વારા જંગી નાણાં પરત ખેંચવા સાથે સંબંધિત છે. બજેટમાં સુપરરિચ પર ટેક્સના લીધે પણ ચિંતા છે. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં નબળી સ્થિતિ રહી હતી. નિફ્ટી પીએસયુ બેંકમાં સૌથી વધુ ઘટાડો ત્રણ ટકાનો રહ્યો હતો. શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ભારે ઉથલપાથલ વચ્ચે એફપીઆઈ દ્વારા જુલાઈ મહિનામાં હજુ સુધી સ્ટોકમાંથી ૭૭૧૨ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે.

## નાસા ૨૦૨૪ સુધી ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર માનવીને ઉતારવા તૈયાર

વૉશિંગ્ટન,તા.૨૩

અમેરિકી સ્પેસ એજન્સી નાસા અંતરિક્ષની રેસમાં સૌથી આગળ રહેવા માટે ફરી એકવાર માણસને ચંદ્ર પર મોકલવાની યોજના બનાવી રહી છે. નાસાએ પ્રેસ રિલીઝ કરીને કહ્યું કે, એજન્સી ૨૦૨૪ સુધી ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર માનવીને ઉતારવા માગે છે, જેથી તેને ચંદ્રની કક્ષામાં ચક્કર લગાવનારા સ્પેસ સ્ટેશનની જરૂર ન પડે. નાસાએ ખાનગી કંપનીઓ પાસે સૂચનો પણ માગ્યા છે.

રિપોર્ટ્સ પ્રમાણે, નાસાનો આંતરિક અભ્યાસ ચંદ્ર પર ફરી જવા માટે ત્રણ સ્ટેજવાળા લેન્ડિંગ સિસ્ટમનું સમર્થન કરે છે. જો કે, એજન્સી ખાનગી કંપનીઓના આધારે ચંદ્ર પર જવાના વૈકલ્પિક અને શોર્ટકટ પદ્ધતિઓ પર પણ ધ્યાન રાખી રહી છે.

નાસાની ત્રણ સ્ટેજની યોજના હેઠળ પહેલા સ્ટેજમાં માનવીને એક ગેટવેના આધારે ચંદ્રની ઉપરની કક્ષામાં છોડવામાં આવે, ત્યારબાદ તેને સપાટી સુધી લઈ જવાનું અને ત્યારબાદ ફરી ચંદ્રના ગેટવે સુધી પહોંચાડવાનું છે. આ જ ગેટવેથી એસ્ટ્રોનોટ્સ ઓરાયન ક્રુ સ્પેસક્રાફ્ટમાં સવાર થઈ ૨.૫ લાખ કિલોમીટરનું અંતર કાપીને પૃથ્વી સુધી પહોંચી શકશે.

## આંધ્રપ્રદેશમાં બિનસરકારી નોકરીમાં સ્થાનિકોને ૭૫ ટકા અનામત

**૭૫ ટકા અનામત આપનાર પ્રથમ રાજ્ય બન્યું જોગવાઈમાં સારી તેમજ ખરાબ બંને બાબતોનો સમાવેશ**

વિજયવાડા, તા. ૨૩

ભારતમાં સ્થાનિક લોકો માટે પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીયલ યુનિટ અને ફેક્ટરીમાં નોકરી અનામત કરવાની દ્રષ્ટિથી આંધ્રપ્રદેશ પ્રથમ રાજ્ય બની ગયું છે. પ્રાઈવેટ નોકરીમાં સ્થાનિક લોકોને ૭૫ ટકા અનામત આપનાર આંધ્રપ્રદેશ પ્રથમ રાજ્ય બની ગયું છે. આંધ્રપ્રદેશ વિધાનસભામાં સ્થાનિક લોકો માટે રાજ્યમાં નોકરીની દ્રષ્ટિથી ઈન્ડસ્ટ્રીયલ અને ફેક્ટ્રી એક્ટ ૨૦૧૯ પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ હેઠળ તમામ ઔદ્યોગિક એકમો, કારખાના, સંયુક્ત એકમોની સાથે સાથે પીપીપી મોડના વર્ગમાં ૭૫ ટકા નોકરી અનામત લેશે. અત્રે નોંધનીય છે કે, કેટલાક રાજ્યો દ્વારા આ દિશામાં જુદા જુદા પ્રકારની ચર્ચાઓ કરવામાં આવી હતી પરંતુ તેમના તરફથી હજુ સુધી આને અમલી કરવાનો નિર્ણય કરાયો ન હતો. મધ્યપ્રદેશની કમલનાથ સરકાર તરફથી ૧૯મી જુલાઈના દિવસે કહેવામાં આવ્યું હતું કે, સરકાર એક કાયદો લાવશે જેના માધ્યમથી સ્થાનિક લોકો માટે ખાનગી ક્ષેત્રની ૭૦ ટકા નોકરી અનામત રાખવામાં આવશે.

ડિસેમ્બર ૨૦૧૮માં સત્તામાં આવ્યા બાદ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે એક ઈન્ડસ્ટ્રીયલ પોલિસીની જાહેરાત કરી હતી જેમાં સરકારને આર્થિક અને અન્ય સહાયતા મેળવનાર માટે કંપનીઓને ૭૦ ટકા સ્થાનિક લોકોને નોકરી આપવાની બાબતને ફરજિયાત કરવામાં આવી હતી.

હવે આંધ્ર સરકારે પ્રાઈવેટ જોબમાં અનામત ઉપર મંજુરીની મહોર મારી દીધી છે. આ એક્ટમાં સારી ચીજ હોવાની સાથે સાથે કેટલીક ખામીઓ પણ રહેલી છે. સારી એટલા માટે છે કે, રાજ્યમાં સ્થાનિક લોકોની ભરતીને પ્રોત્સાહન મળશે. આનાથી સરકારની નીતિ સ્પષ્ટ થાય છે. જો કે, સરકારને રાજ્યમાં સ્થાનિક લોકોને ટ્રેનિંગ આપવા માટે પોતાના કુશળ વિકાસ કેન્દ્રોને પણ વિકસિત કરવા પડશે. ચૂંટણી દરમિયાન મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ વચન આપ્યું હતું જેના લીધે હવે તેઓ આ દિશામાં આગળ વધ્યા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

દશકોશી લેઉઆ પાટીદાર સમાજનું ગૌરવ



શ્રી પ્રણવ દિલીપકુમાર પટેલ
કાઉન્સીલર, વોર્ડ-૩ ગાંધીનગર મહાનગરપાલિકા

આપના વોર્ડ-૩માં ભવ્ય વિજયને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ...
આપ, આપણા સમાજની ગૌરવશાળી પ્રતિભા છો...
આપના નેતૃત્ત્વમાં મહાનગરપાલિકાના માધ્યમથી સામાજિક અને મહાનગરનો અવિરત વિકાસ થાય એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

વિમલ આર. પટેલ — પ્રમુખ
ઉરેન લાલભાઈ પટેલ — મંત્રીશ્રી
બ્રિજેશ પટેલ — ઉપપ્રમુખ
સમીરભાઈ અમીન — સહમંત્રી
મુકેશભાઈ પટેલ — ખજાનચી
અતલુભાઈ અમીન
હસમુખભાઈ પટેલ
હર્ષદભાઈ પટેલ
કલ્પેશભાઈ વી. પટેલ
ભાવિન પટેલ

સમાજના સૌ કારોબારી સભ્યો અને વડીલો